દાખલ તારીખ: ૧૪–૦૨–૨૦૨૫
નોંધ્યા તારીખ: ૧૪–૦૨–૨૦૨૫
ફેસલ તારીખ: ૦૬–૦૩–૨૦૨૬
સમયગાળો: વર્ષ માસ દિવસ

**ખેડા જીલ્લાના મહે.પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ, જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ, મુ.નડીઆદ સમક્ષ.**

**જુવેનાઇલ ફોજદારી કેસ નં.૬/૨૦૨૫.**
**આંક–**

**શ્રી સરકાર** **ફરીયાદી**

**વિરૂધ્ધ**

**:૧: XXXX XXXX XXXX**
**:૨: XXXX XXXX XXXX** કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકો

**ગુન્હો:– બી.એન.એસ.એકટ, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ.**

**સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ઠાકોર**
**જુવેનાઇલ તરફે વિ.વ.શ્રી આર. એચ. સોનેરા.**

**:: ચુ કા દો ::**

૧. આ કામના ફરીયાદી બડીબાઇ રાજેન્દ્રસિંગ કિશનસિંગ સરદારજીનાઓએ ડાકોર પોલીસ સ્ટેશનમાં એવી ફરીયાદ નોંધાવેલ છે કે, ગઇ તા.૨૫/૧૧/૨૦૨૪ ના રોજ સાંજના આશરે ચારેક વાગ્યાના સુમારે મોજે.ડાકોર રાધે હોસ્પીટલ ની સામે કા.સ.બા તથા અન્ય આરોપીએ આ કામના સાહેદ રણવિરસિંગનાઓ જોરાબંધ

મુકામે ભુંડ પકડવા જતા આ કામના કા.સ.બા તથા આરોપી સાથે ભુંડ પકડવા બાબતે બોલાચાલી થતા સાહેદ રણવિરસિંગ તેઓના ઘરે ડાકોર મુકામે આવતા રહેતા તેઓના વચ્ચે થયેલ બોલાચાલીની રીશ રાખી કા.સ.બા આરોપીએ ફરીયાદીના ઘરે આવી ગમે તેમ ગાળો બોલી ફરીયાદીના સાહેદ રાજેન્દ્રસિંગ કિશનસિંગ સરદારજીને આરોપીએ લોખંડના પાઈપથી શરીરે માર મારી તથા તેઓને છોડાવવા માટે સાહેદ રણવિરસિંગ વચ્ચે પડતા કા.સ.બા એ સાહેદ રણવિરસિંગને ગડદાપાટુનો માર મારી ફરીયાદી સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામા એકબીજાએ મદદગારી કરી મહે.જીલ્લા મેજી.સાહેબ.ખેડા નડીયાદના જાહેરનામા નો ભંગ કરેલ તેના આધારે ડાકોર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૪૦૨૧૨૪૦૬૦૯/૨૦૨૪ થી ગુનો નોંધેલ અને આ કામના તપાસ કરનાર અધિકારીએ આ કામના કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા બી.એન.એસ.એકટ, ૨૦૨૩ ની કલમ−૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટ કલમ−૧૩૫ મુજબ મુજબના ગુના અંગેનું જુવેનાઈલ કોર્ટમાં અહેવાલ રજુ કરેલ છે.

૨. આ કામના કાયદાના સંઘર્ષમાં આવનાર બાળકને ધોરણસર સમન્સ બજી જતા તે અન્વયે તેઓ અત્રેની બોર્ડમાં ઉપસ્થિત થતા તેમને બી.એન.એસ.એસ. કલમ−૨૩૦ હેઠળ પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ આંક−૨ તથા આંક−૩ થી થી નિવેદન લેતા તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતા ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવી. ફરીયાદપક્ષે પુરાવો રજુ કરવા જણાવતા ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો નોંધ્યો.

3. ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.:−

## ::- મૌખિક પુરાવો -::

| ક્રમ | નામ | આંક | પ્રકાર |
|---|---|---|---|
| ૧ | બડીબેન રાજેન્દ્રસિંગ સરદારજી | ૫ | ફરીયાદી |
| ૨ | રણવીરસિંગ રાજેન્દ્રસિંહ સરદારજી | ૭ | સાહેદ |
| ૩ | રાજેન્દ્રસિંહ કિશનસિંગ સરદારજી | ૮ | સાહેદ |
| ૪ | ડો.પાર્થ વિષ્ણુભાઇ પટેલ | ૧૦ | મેડીકલ ઓફીસર |
| ૫ | ડો.મુસ્કાન ધિરેન સોલંકી | ૧૪ | મેડીકલ ઓફીસર |
| ૬ | કિશોરકુમાર ગોરધનભાઇ પ્રજાપતિ | ૨૨ | ત.ક.અમલદાર |

## ::- દસ્તાવેજી પુરાવો -::

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૬ | ફરીયાદ |
| ૨ | ૧૧ | રાજુભાઇ કિશનસિંગ સરદારજીનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૩ | ૧૨ | રાજુભાઇ કિશનસિંગ સરદારજીનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૪ | ૧૩ | પોલીસ યાદી |
| ૫ | ૧૪ | રીફર ચીટ |
| ૬ | ૧૫ | ઓ.પી.ડી. કેસ પેપર્સ |
| ૭ | ૧૭ | એકસ-રે ફિલ્મ નંગ-૩ |
| ૮ | ૧૮ | મેડીકલ સર્ટી. મેળવવાની યાદી |
| ૯ | ૧૯ | ઈજા અંગેના સર્ટી.ની કાર્બન કોપી |

**૪.** આ કામે ફરીયાદપક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતા, આ કામે કાયદાના સંઘર્ષમાં આવનાર બાળકનું બી.એન.એસ.એસ. કલમ-૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધતા તેઓએ બચાવના સાહેદો તપાસવા ન હોવાનું અને સોગંદ ઉપર જુબાની આપવી ન હોવાનું જણાવી વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેમની સામે ખોટો કેસ કરેલ છે.

**૫.** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ઠાકોર તેમજ જુવેનાઇલ તરફે વિ.વ.શ્રી આર.એચ.સોનેરાની દલીલો સાંભળી.

**૬.** ઉપરોકત હકીકતે સદરહુ કેસના ન્યાયીક નિર્ણય અર્થે મારા સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપિસ્થત થયેલ છે:-

**::– મુ દ્દા –::**

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, ગઈ તા.૨૫/૧૧/૨૦૨૪ ના રોજ સાંજના આશરે ચારેક વાગ્યાના સુમારે મોજે.ડાકોર રાધે હોસ્પીટલ ની સામે કા.સ.બા તથા અન્ય આરોપીએ આ કામના સાહેદ રણવિરસિંગનાઓ જોરાબંધ મુકામે ભુંડ પકડવા જતા આ કામના કા.સ.બા તથા આરોપી સાથે ભુંડ પકડવા બાબતે બોલાચાલી થતા સાહેદ રણવિરસિંગ તેઓના ઘરે ડાકોર મુકામે આવતા રહેતા તેઓના વચ્ચે થયેલ બોલાચાલીની રીશ રાખી કા.સ.બા આરોપીએ ફરીયાદીના ઘરે આવી ગમે તેમ ગાળો બોલી ફરીયાદી ના સાહેદ રાજેન્દ્રસિંગ કિશનસિંગ સરદારજીને આરોપીએ લોખંડના પાઈપથી શરીરે માર મારી તથા તેઓને છોડાવવા માટે સાહેદ રણવિરસિંગ વચ્ચે પડતા કા.સ.બા એ સાહેદ રણવિરસિંગને ગડદાપાટુનો માર મારી ફરીયાદી સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામા એકબીજાએ મદદગારી કરી મહે.જીલ્લા મેજી.સાહેબ.ખેડા નડીયાદના જાહેરનામા નો ભંગ કરી બી.એન.એસ.એકટ, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

**૭.** ઉપરોકત મુદ્ધાઓના આ બોર્ડના નિર્ણયો નીચે મુજબ છે:–

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**// કા ર ણો //**

૮. ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદી બડીબેન રાજેન્દ્રસિંહ સરદારજીનાઓને આંક–૫ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ચાર મહીના પહેલા બનેલો. બનાવ સાંજના ચારેક વાગે બનેલો. બનાવ

સમયે તેઓ તેમના મોટા દિકરા સાથે બજારમાં ગયેલ અને તેમનો નાનો દિકરો ભુંડ પકડવા રખીયાલ બાજુ ગયેલ હતો તેમનો નાનો દિકરો ભુંડ પકડવા ગયેલ ત્યારે સોરનસીંગ, કા.સ.બા.નં.૧ તથા નં.૨ નાઓ તેમના દિકરાને ભુંડ પકડવા બાબતે બોલાચાલી કરેલ અને માર મારેલ જેથી તેમનો દિકરો બીકના માર્યો ઘરે આવી ગયેલ અને તેમના પતિને બનાવ બાબતની જાણ કરેલ. ત્યારબાદ આરોપી સોરનસીંગ, કા.સ.નં.૧ તથા નં.૨ નાઓ ઈકો ગાડી લઈને તેમના ઘરે આવેલ અને તેમના દિકરાને કહેતા હતા કે તુ કેમ અમારી બાજુ ભુંડ પકડવા આવે છે અને ત્યારબાદ સોરનસીંગે તેમના દિકરાને પગમાં પાઈપ મારેલી તેમજ તેમના પતિને જમણા પગમાં પાઈપ મારી દિધેલ. તે સમયે બંને કા.સ.બા.એ તેમની રીક્ષા ભાંગી નાખેલી ત્યારબાદ તેઓ ત્યાંથી માર મારી જતા રહેલા અને તેમનો નાનો દિકરો બીકના માર્યો ઘરેથી બનાવ બાદ જતો રહેલો તેમના પતિને બનાવમાં વાગેલ હોય ડાકોર સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ અને વધુ સારવાર માટે નડીઆદ સીવીલ હોસ્પીટલમાં લાવેલ. સદર બનાવ બનેલ હોય તેઓએ પોલીસમાં ફરીયાદ આપેલ તેઓ ફરીયાદમાં તેમના જમણા હાથના અંગુઠાનુ નીશાન ઓળખી બતાવે છે. અને જે ફરીયાદ આંક–૬ થી રજુ કરેલ છે તેમજ તેઓ કા.સ.બા. ઓળખી બતાવુ છું. સદર ફરીયાદી તેમની ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને પરવાનગીથી હોસ્ટાઇલ જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરતા તેઓ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ તેમની ફરીયાદમાં લખાવેલ હકીકત સાચી છે કે, બંને કા.સ.બા. તેમજ સોરનસીંગ તેઓને ગમે તેમ ગાળો બોલતા હતા અને તેમને ધમકી આપતા હતા કે જોરાબંધ બાજુમાં ભુંડ પકડવા આવશો તો જાનથી મારી નાંખીશું.

સદર ફરીયાદીની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવની જાણ તેમને તેમના દિકરાએ કરેલી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે ઘણા બધા માણસોનું ટોળું ભેગું થઇ ગયેલ. તેઓએ એ

હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેમના દિકરા અને કા.સ.બા. સાથે ભુંડ પકડવા બાબતે ફરીયાદ છે બીજી કોઈ તકરાર નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસ સ્ટેશનમાં ફરીયાદની પ્રિન્ટ કાઢી તેમની સહી કરાવેલી.

૮.૧ ત્યારબાદ ફરીયાદપક્ષ ધ્વારા આક–૭ થી સાહેર રણવીરસિંગ રાજેન્દ્રસિંગ સરદારજી નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ચાર મહીના પહેલા બનેલો. બનાવ બપોરના સમયે બનેલો. બનાવ સમયે તેઓ ભુંડ પકડવા રખીયાલ બાજુ જોરાબંધ પાસે ગયેલ હતો તે સમયે સોરનસીંગ, કા.સ.બા.નં.૧ તથા નં.ર નાઓ તેમની સાથે ભુંડ પકડવા બાબતે બોલાચાલી કરેલ અને માર મારેલ, સોરનસીંગે તેમને પગમાં પાઈપ મારેલી તેમજ તેમના પિતાને જમણા પગમાં પાઈપ મારી દિધેલ તે સમયે બંને કા.સ.બા.એ તેમની રીક્ષા ભાગી નાખેલી અને તેમને ધમકી આપતા હતા કે જોરાબંધ બાજુમા ભુંડ પકડવા આવશો તો જાનથી મારી નાખીશુ. ત્યારબાદ તેઓ ત્યાંથી માર મારી જતા રહેલા અને તેઓ બીકના માર્યા ઘરેથી બનાવ બાદ જતા રહેલા તેમના પિતાને બનાવમાં વાગેલ હોય ડાકોર સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ અને વધુ સારવાર માટે નડીઆદ સીવીલ હોસ્પીટલમાં લાવેલ. સદર બનાવ બનેલ હોય તેમની મમ્મીએ પોલીસમાં ફરીયાદ આપેલ અને પોલીસે તેમનું નીવેદન લીધેલ. કા.સ.બા.ને નામ.બોર્ડમાં ઓળખી બતાવે છે. સદર સાહેદ તેમના પોલીસ નિવેદનની હકીકતોને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને પરવાનગીથી હોસ્ટાઇલ જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમન પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, બંને કા.સ.બા. તેમજ સોરનસીંગ તેઓને ગમે તેમ ગાળો બોલતા હતા.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાની બાજુમાં રાધે હોસ્પિટલ તથા બસ સ્ટેન્ડ આવેલ છે. તેઓએ એ

હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, બસ સ્ટેન્ડ અને હોસ્પિટલ હોવાથી વાહનોની અને માણસોની અવરજવર આ વિસ્તારમાં રહે છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવની ફરીયાદ તેમના મમ્મીએ આપેલી અને પોલીસે તેમનો જવાબ લીધેલો. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફકત તેમનું નામ સરનામું પુછેલ સાહેદ સ્પષ્ટતા કરતા જણાવે છે કે, બનાવ બાબતે પણ પોલીસે તેમની પુછપરછ કરેલી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કા.સ.બા. નડીઆદ મુકામે અને તેઓ ડાકોર મુકામે રહે છે. તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેમને અને કા.સ.બા. સાથે ભુંડ પકડવા બાબતે ફરીયાદ છે બીજી કોઈ તકરાર નથી.

૮.૨ ત્યારબાદ ફરીયાદપક્ષ ધ્વારા આક–૮ થી સાહેદ રાજેન્દ્રસિંગ કિસનસિંગ સરદારજી નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ચાર મહીના પહેલા બનેલો બનાવ બપોરના ત્રણથી ચાર વાગ્યાના સમયે બનેલો. બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા અને તેમનો નાનો દિકરો ભુંડ પકડવા રખીયાલ બાજુ ગયેલ હતો. તેમનો નાનો દિકરો ભુંડ પકડવા ગયેલ ત્યારે સોરનસીંગ, બંને કા.સ.બા. તેમના દિકરાને ભુંડ પકડવા બાબતે બોલાચાલી કરેલ અને માર મારેલ જેથી તેમનો દિકરો બીકના માર્યો ઘરે આવી ગયેલ અને બનાવ બાબતની જાણ કરેલ. ત્યારબાદ સોરનસીંગ, બંને કા.સ.બા. ઈકો ગાડી લઈને તેમના ઘરે આવેલ અને તેમના દિકરાને કહેતા હતા કે તુ કેમ અમારી બાજુ ભુંડ પકડવા આવે છે અને ત્યારબાદ સોરનસીંગે તેમના દિકરાને પગમા પાઈપ મારેલી. તેમજ તેમને જમણા પગમાં પાઈપ મારી દિધેલ. તે સમયે બંને કા.સ.બા.એ તેમની રીક્ષા ભાંગી નાખેલી. ત્યારબાદ તેઓ ત્યાંથી માર મારી જતા રહેલા અને તેમનો નાનો દિકરો બીકના માર્યો ઘરેથી બનાવ બાદ જતો રહેલો. તેમને બનાવમાં વાગેલ હોય ડાકોર સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ અને વધુ સારવાર માટે નડીઆદ સીવીલ હોસ્પીટલમાં લાવેલ સદર બનાવ બનેલ હોય તેમની પત્નીએ પોલીસમાં ફરીયાદ આપેલ. સદર સાહેદ તેમના પોલીસ નિવેદનની

હકીકતોને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને પરવાનગીથી હોસ્ટાઇલ જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, બંને કા.સ.બા. તેમજ સોરનસીંગનાઓએ તેઓને જાનથી મારી નાંખવાની ધમકી આપેલી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના પોલીસ રુબરુના નીવેદનમા કા.સ.બા. જે ગાડી લઈને આવેલ તેનો નંબર જણાવેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને અને કા.સ.બા. સાથે ભુંડ પકડવા બાબતે ફરીયાદ છે બીજી કોઈ તકરાર નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ડાકોર મુકામે રહે છે અને આ કા.સ.બા. નડીઆદ રહે છે.

૮.૩ ફરીયાદપક્ષના સાહેદ ડો.પાર્થ વિષ્ણુભાઇ પટેલ તેમની આંક–૧૦ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૫/૧૧/૨૪ ના રોજ મેડીકલ ઓફીસર તરીકે એસ.ડી.એચ ડાકોર ખાતે ફરજ પર હતા તે દરમ્યાન સાંજના ૪/૫૦ કલાકે દર્દીનામે રાજુભાઈ કિશનસિંહ ઉ.વ.૪૫ ધ્વારા સારવાર માટે આવેલા. તેઓએ હિસ્ટ્રીમાં જણાવેલ કે આજરોજ ચાર વાગે ઘરે સુતા હતા ત્યારે અચાનક ચારપાંચ જણા નામે સોરનસિંહ તથા બંને કા.સ.બા. નાઓ ઈકો ગાડીમા આવી દર્દીને લોખંડની પાઈપથી માર મારતા હોય દર્દી તપાસતા તેમના શરીર ઉપર દેખીતા કોઈ ઈજાના નીશાન જણાયેલા નહી ડાબા પગના થાપામાં દુખાવાની ફરીયાદ હતી. જેથી વધુ સુરવાર માટે ઓર્થોપેડીક ઓપીનીયન માટે નડીઆદ સીવીલ હોસ્પિટલ તરફ રીફર કરેલા. તેઓએ જોયેલી ઈજાઓ લોખંડની પાઈપ મારવામાં આવે તો પણ થઈ શકે તેવી હતી અને પ્રાથમીક દષ્ટીએ સાદા પ્રકારની હતી. જે અંગે તેઓએ સર્ટી આવેલ. તેઓએ આંક–૧૧ થી ઓપીડી કેસ પેપર અસલ રજુ કરી તેમાં તેમના હસ્તાક્ષર ઓળખી બતાવે છે તથા આંક–૧૨ થી ઈજા અંગેનુ સર્ટી કાર્બન કોપી રજુ કરી તેમાં તેમના

હસ્તાક્ષર તથા સહી ઓળખી બતાવે છે તેમજ પોલીસ સ્ટેશન તરફથી મેડીકલ સર્ટી મેળવવા યાદી અસલ આંક–૧૩ થી રજુ કરેલ છે.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દર્દી કોઇ કારણસર જમીન ઉપર પડી જાય તો પણ આવી ઈજા થઇ શકે.

૮.૪ ફરીયાદપક્ષના સાહેદ ડો.મુસ્કાન ધિરેન સોલંકી તેમની આંક–૧૪ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૨૪ ની સાલમાં તેઓ મેડીકલ ઓફીસર તરીકે નડીઆદ સીવીલ હોસ્પીટલમાં ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૨૫/૧૧/૨૪ ના રોજ તેઓ તેમની ફરજ પર હતા તે દરમ્યાન સાંજના ૬/૪૯ કલાકે દર્દી નામે રાજુભાઈ કિશનસિંહ ઉ.વ.૪૫ એસ.ડી.એસ.ડાકોરની રીફર ચીટ સાથે સારવાર માટે લાવવામાં આવેલા તેઓને તપાસતા ડાબા પગના થાપા ઉપર સોજો હતો તથા ડાબા પગાના ગોઠણ ઉપર સોજો હતો અને છાતીના ભાગે સોજો હતો તેઓને એક્ષરે કરાવતા કોઈ અંદરની ઈજા જણાયેલી નહી તેઓની સારવાર કરેલી. સારવારના અસલ કાગળ સાથે લાવેલ છે અને અને જે હિસ્ટ્રીમાં જણાવેલ કે આજરોજ ચાર વાગે ઘરે સુતા હતા ત્યારે અચાનક ચારપાંચ જણા આવેલ અને દર્દીને લોખંડની પાઈપથી માર મારેલ. એસ.ડી.એસ.ડાકોરની રીફર ચીટ અસલ આંક–૧૫ થી રજુ કરેલ છે. તેમજ તેઓએ આંક–૧૬ થી ઓપીડી કેસ પેપર અસલ રજુ કરેલ છે અને જેમાં તેઓ પોતાના હસ્તાક્ષરમા ઓળખી બતાવે છે તેમજ આંક–૧૭ થી એક્ષરે–૩ રજુ કરેલ છે તેમજ પોલીસ સ્ટેશન તરફથી મેડીકલ સર્ટી મેળવવા યાદી અસલ આંક–૧૮ થી રજુ કરેલ છે તેમજ આંક–૧૯ થી ઈજા અંગેનુ સર્ટી કાર્બન કોપીમાં તેમના હસ્તાક્ષર તથા તેમની સહી ઓળખી બતાવે છે. દર્દીને થયેલ ઈજાઓ સાદા પકારની હતી અને લોખંડની પાઈપ મારવામાં આવે તો થઈ શકે તેવી હતી. અને કોઈ કોમ્પીકેશન ન થાય તો ૭ થી ૧૦ દિવસમા મટી શકે તેવી હતી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હીસ્ટ્રીમા દર્દીએ આરોપીઓના નામ જણાવેલ નથી તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દર્દી કોઈ કારણસર જમીન ઉપર પડી જાય તો પણ આવી ઈજા થઈ શકે છે.

૮.૫ ફરીયાદપક્ષના સાહેદ તપાસ કરનાર અમલદાર કિશોરકુમાર ગોરધનભાઇ પ્રજાપતિ તેમની આંક-૨૨ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૬/૧૧/૨૦૨૪ ના રોજ હુ ડાકોર પો.સ્ટે. તેમની ફરજ પર હાજર હતા ત્યારે ડાકોર પો.સ્ટે.ના ગુ.ર.નં.૬૦૯/૨૦૨૪ બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબનો ગુનો રજી. કરી આ કામના આરોપી-૧ સોરનસીંગ કનૈયાલાલ તથા બે કા.સ.બા. તમામ રહે.નડીઆદનાઓના વિરુધ્ધની પી.એસ.ઓ રુબરુ ફરીયાદ લઈ વધુ તપાસ સારુ તેઓને સોપતા સદર ગુનાના કામે આ કામના આરોપીઓ અંગે તપાસ કરતા આરોપી નં.ર તથા ૩ જુવેનાઈલ હોવાનુ જણાતા તા.૧૯/૧૨/૨૦૨૪ ના રોજ બી.એન.એસ.કલમ-૩૫(૩) થી ૩૫(૬) મુજબ નોટીસ તા.૨૦/૬/૨૪ ના રોજ કલાક ૧૭/૦૦ વાગે કા.સ.બા.ના વાલી નાનકીબેન વા/ઓ સોરનસીંગ સીકલીગરનાઓને તેઓના ઘરે નોટીસ આપવામાં આવેલ તેમા તેમની તથા નાનકીબેનના અંગુઠાનું નીશાન ઓળખી બતાવે છે અને જે આંક-૨૩ તથા આંક-૨૪ થી રજુ કરેલ છે. સદરહુ તપાસ દરમ્યાન તેઓએ લાગતા વળગતા સાહેદોના નીવેદન લીધેલા સદરહુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ આંક-૨૫ થી રજુ કરેલ છે તથા જે તે સમયે કલેકટરશ્રીનુ જી.પી.અકેટ-૧૩૫ મુજબનું જાહેરનામુ અમલમા હોય તે જાહેરનામાની નકલ આંક-૨૬ થી રજુ કરેલ છે સદરહુ તપાસના અંતે જુવેનાઈલ -૧,૨ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ નામ.બોર્ડમા ચાર્જશીટ કરેલ. સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓને પૂછવામાં આવેલ સૂચક પ્રશ્નોનો ઈન્કાર સ્વરૂપે જવાબ આપેલ છે.

૯. જુવેનાઈલ જસ્ટીસ એકટનો મુખ્ય હેતુ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકની સંભાળ, રક્ષણ તેમજ સારવાર દ્વારા બાળકને યોગ્ય અને સુરક્ષીત વાતાવરણ પુરૂ પાડવાનો છે. સુરક્ષીત વાતાવરણ પુરૂ પાડવાનો છે.

નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે,

The object of Juvenile Justice Act is to provide care, protection, treatment, development and rehabilitation of neglected or delinquent juveniles and for the settlement of certain matters related to and disposition of delinquent juveniles. It is well settled that the juvenile justice functionaries should abide by the following fundamental principles in order to understand the Act, interpret according to the situation in which the child is taken into custody and most importantly contribute to better and effective implementation of the Act.

**The Principles to be followed in administration of the rules are :-**

- Principle of presumption of innocence
- Principle of dignity and worth
- Principle of Right to be heard:
- Principle of Best Interest:
- Principle of family responsibility:
- Principle of Safety (no harm, no abuse, no neglect, no exploitation and no maltreatment):
- Positive measures to promote well being of the child, reduce vulnerabilities and aim at development of child’s identity :
- Principle of non-stigmatizing semantics, decisions and actions:-
- Principle of non-waiver of rights:
- Principle of equality and non-discrimination:
- Principle of right to privacy and confidentiality:
- Principle of last resort:
- Principle of repatriation and restoration:
- Principle of Fresh Start

When these principles are adhered to in letter and spirit, it would certainly ensure that every child who comes into contact with the JJ

System is assured safety, care, protection and justice.

**The Objective of the Act :-**

- To Lay Down A Legal Structure For The Juvenile Justice System In The Country
- To Provide A Special Approach To The Protection And Treatment Of Juveniles
- To outline the machinery and infrastructure required for the care, protection, treatment, development and rehabilitation of juveniles
- To establish norms and standards for administration of juvenile justice
- To establish linkages and co-ordination between the formal system of juvenile justice and voluntary efforts in the welfare of juveniles
- To constitute special offences in relation to juveniles and provide punishment.

આમ, ઉપરોકત સિદ્ધાંતો ધ્યાને લઈ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક વિરૂદ્ધ જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ દ્વારા ઇન્કવાયરી કરવામાં આવે છે તેમજ જો તપાસ દરમ્યાન એવું જણાય કે, કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક વિરૂદ્ધ કોઈ આરોપ પુરવાર થતો નથી તો જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ સદર ઇન્કવાયરી બંધ કરી કલમ–૫, ૧૬ માં દર્શાવ્યા મુજબ અથવા તો જુવેનાઇલને મુકત કરતો હુકમ કરી શકશે.

**<u>પુરાવાનું મૂલ્યાંકન:–</u>**

૧૦. હાલના કેસની ફરીયાદ, ફરીયાદપક્ષનો પુરાવો તથા સાધનીક દસ્તાવેજો વંચાણે લેતાં તથા ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં એ હકીકત બિનતકરારી જણાય છે કે, રજુ થયેલ કા.સ.બા.નો જન્મનો દાખલો ધ્યાને લેતાં તેમાં જુવેનાઇલની જન્મ તા.તા.૨૨–૯–૨૦૧૦ તથા તા.૨૩–૦૩–૨૦૦૭ બતાવી છે તે મુજબ બનાવ સમયે જુવેનાઇલ ૧૮ વર્ષથી ઓછી વયના હતા તેવું જણાય છે. આ હકીકતને બચાવપક્ષ તરફથી પડકારવામાં આવેલ નથી. જેથી

બનાવ સમયે જુવેનાઇલ આરોપી તે જુવેનાઈલ હોવાનું બિનતકરારી છે.

**<u>હકીકતના સાક્ષીઓ:–</u>**

૧૧. આ કામે ફરીયાદપક્ષના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવતા આ કામે ફરીયાદીએ આંક–૫ ના પુરાવા દરમ્યાન તેઓના દિકરા સાથે બનેલ બનાવની હકીકતો તથા બનાવમાં તેમના દિકરા તથા તેમના પતિને ઈજાઓ થયેલાની હકીકતો જણાવેલ છે પરંતુ સદર સાહેદે બચાવપક્ષની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવની જાણ તેમને તેમના દિકરાએ કરેલી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે ઘણા બધા માણસોનું ટોળું ભેગું થઇ ગયેલ. આમ, આ કામના ફરીયાદી તેઓના પુરાવા દરમ્યાન તેઓ બુમાબુમ થતા બનાવવાળી જગ્યાએ અવશ્ય ગયેલ હતા પરંતુ બનાવમાં ઈજા પામનારને કોણે લોખંડની પાઈપ મારેલ તે તેઓએ જોયેલ ન હતું. આ કામના ફરીયાદીને બનાવ અંગેની માહીતી તેઓના દિકરાએ જણાવેલ હોય તેઓને બનાવ વિશે કોઈ પ્રત્યક્ષ માહીતી નહી હોવાનું સ્વાભાવિક છે જેથી ફરીયાદીના પુરાવા ઉપર આધાર રાખીને મુદ્દાના તથ્યનો હકારમાં નિર્ણય કરવો યોગ્ય ન્યાયોચિત નથી.

૧૧.૧ ત્યારબાદ આ કામના ઈજા પામનાર સાહેદ આંક–૭ ના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, તેમની સાથે બનેલ બનાવની તથા તેઓને આ બનાવમાં ઈજાઓ થયેલાની હકીકતો જણાવેલ છે. પરંતુ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ માણસો અને વાહનોની અવરજવર રહેતી હોય છે. આમ, આ કામે બનાવ જાહેર જગ્યા ઉપર બનેલ હોવાની હકીકત જણાઈ આવે છે. જેથી બનાવ સમયે સદર બનાવની હકીકતોને તટસ્થ, સ્વતંત્ર અને નજરે જોનાર સાહેદોનો પુરાવો રેકર્ડ ઉપર આવવો જરૂરી છે પરંતુ આ કામે ફરીયાદપક્ષ દ્વારા આવા કોઈ સ્વતંત્ર અને નજરે જોનાર સાહેદોને તપાસવામાં આવેલ નથી.

૧૧.૨ ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ દ્વારા અન્ય ઈજા પામનાર સાહેદને આંક–૮ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પણ તેમના પુરાવા દરમ્યાન બનાવની હકીકતોને સમર્થનકારક પુરાવો આપેલ છે તથા તેઓએ તેમ જણાવેલ છે કે, સદરહુ બનાવમાં તેમને જમણા પગમાં ઈજાઓ થયેલ ઈજાઓ અંગે તેમણે સારવાર લીધેલ. સદરહુ સાહેદે તેઓની ઉલટ તપાસ દરમ્યાન તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે તેઓ તથા કા.સ.બા. વચ્ચે ભૂંડ પકડવા બાબતે તકરાર છે તે સિવાય કોઈ તકરાર નથી. વધુમાં તેઓએ તેમ સ્વીકારેલ છે કે, તેઓ ડાકોર મુકામે રહે છે અને કા.સ.બા. નડીઆદ મુકામે રહે છે. ત્યારબાદ તેઓએ તેમ સ્વીકારેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નીવેદનમાં કા.સ.બા. જે ગાડી લઈને આવેલ તેનો નંબર જણાવેલ નથી. આમ સદરહુ સાહેદ જુવેનાઈલે જે ગાડીમાં બનાવવાળી જગ્યાએ આવેલા તેનો કોઈ નંબર જણાવેલ નથી. વધુમાં તેમ સ્વીકારેલ છે કે, તેઓને જુવેનાઈલ સાથે ભુંડ પકડવા બાબતે તકરાર હતી. આમ, પક્ષકારો વચ્ચે અગાઉથી ચાલતી તકરારો તે હાલના કેસમાં પ્રસ્તુત હકીકત છે.

**<u>નિષ્ણાંત સાક્ષીઓનો પુરાવો:–</u>**

૧૨. ત્યારબાદ ફરીયાદપક્ષ દ્વારા આંક–૧૦ થી ડો.પાર્થ વિષ્ણુભાઈ પટેલ તથા આંક–૧૪ થી ડો.મુસ્કાન ધિરેન સોલંકી કેજેઓ અનુક્રમે સી.એચ.સી. ડાકોર તથા સીવીલ હોસ્પિટલ, નડીઆદ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા અને તેઓએ તેમની ફરજના સમયગાળા દરમ્યાન આ કામના ઈજા પામનાર સાહેદોને સારવાર આપવામાં આવેલ હતી. અને તેઓએ તેમના પુરાવા દરમ્યાન ઈજા પામનારને પહોંચેલ ઈજાઓ, તેઓ દ્વારા આપવામાં આવેલ સારવાર અને ઈજા થવાના કારણ અંગેનો અભિપ્રાય આપી તેમના સારવારના સર્ટીફીકેટસ રજુ કરેલ છે.

સદરહુ સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, સદરહુ નિષ્ણાંત સાહેદો તેઓએ ઈજા પામનારને કરેલ સારવારની હકીકતો

તથા ઈજાઓ અંગેના અભિપ્રાય અવશ્ય જણાવેલ છે પરંતુ મારા નમ્ર મંતવ્ય અનુસાર મેડીકલ ઓફીસરશ્રીના પુરાવાને અન્ય તટસ્થ તથા સ્વતંત્ર કહી શકાય તેવા સાહેદોના પુરાવાથી સમર્થન મળવું જરૂરી આવશ્યક છે. સદરહુ નિષ્ણાંત સાહેદનો પુરાવો ત્યારે જ સાબીત માની શકાય જયારે અન્ય સમર્થનકારી પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતો પુરાવો કેસમાં રજુ થયેલ હોય.

**૧૨.૧** ત્યારબાદ આંક–૨૨ થી તપાસ કરનાર અમલદાર કિશોરકુમાર ગોરધનભાઇ પ્રજાપતિનો પુરાવો ધ્યાને લેતાં, તેઓએ સદરહુ ગુનાની ફરીયાદના આધારે તપાસ સંભાળી લઈ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તથા ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા કા.સ.બા.ની શરીર સ્થિતીનું પંચનામું કરેલ તથા ઈજા પામનારના સર્ટીફીકેટ મેળવેલ હતા. આ ગુના અંગેનો બોર્ડ સમક્ષ અહેવાલ રજુ કરેલ હતો.

આ સાહેદ એ ગુન્હાનું અન્વેષણ કરનાર પોલીસ અધિકારી છે. તેઓશ્રી આક્ષેપિત બનાવવાળી ઘટના અંગે કોઈ જાત માહીતી ધરાવતા નથી, પરંતુ તેઓએ જે કોઈ હકીકતો જણાવી છે તે તેઓ દ્વારા તેમની ફરજની રૂએ કરવામાં આવેલ કાર્યવાહી માત્ર છે. આ સંજોગોમાં, તેઓનો પુરાવો ઔપચારિક સ્વરૂપનો હોય, અન્ય વિશ્વાસપાત્ર પુરાવાઓના અભાવે માત્ર તેઓના પુરાવા પર આધાર રાખી મુદ્દાના તથ્યનો હકારાત્મક નિર્ણય કરી શકાય તેમ નથી.

**૧૩.** આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી તથા ઈજા પામનાર તેઓ સાથે બનેલ બનાવ અંગેની હકીકતો જણાવી રહયા છે પરંતુ બનાવ સમયે હાજર હોય તેવા અન્ય તટસ્થ અને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષના ફરીયાદી તથા આ સાહેદોને સમર્થન પ્રાપ્ત થયેલ નથી. દલીલો ખાતર પણ તેવું માની લેવામાં આવે કે, સાહેદ – ઈજા પામનારને કા.સ.બા.એ મુદ્દામાલ પાઇપ વડે માર મારી તેઓને ઈજા પહોંચાડેલ હતી તથા ગાળો બોલેલ હતી તથા જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હતી તો આવા ફરીયાદી તથા સાહેદોના કથનોને અન્ય સ્વતંત્ર અને

તટસ્થ કહી શકાય તેવા કહેવાતા ગુનાવાળી જગ્યાએ હાજર હોય તેવા સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થવું જરૂરી આવશ્યક છે. આ કામે ફરીયાદી તથા નજરે જોનાર સાહેદોએ બનાવવાળી જગ્યાની આજુબાજુ માણસો તથા વાહનોની અવર જવર હોવાની હકીકત સ્વીકારેલ છે ત્યારે આ કમાના તપાસ કરનાર અમલદાર દ્ધારા આવા જાહેર સ્થળે હાજર હોય તેવા સ્થાનિક નિવેદનો નોંધવા જરૂરી હતા પરંતુ આવા કોઇ સ્વતંત્ર કે બનાવ અંગેનો સ્પષ્ટ પુરાવો આપી શકે તેવા સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ નથી. માત્ર ઈજા પામનાર તથા ફરીયાદીના પુરાવાઓ ઉપર આધાર રાખી ફરીયાદપક્ષનો પુરાવો તટસ્થ અને સ્વતંત્ર માની લેવો યોગ્ય ન્યાયોચિત નથી.

૧૪. આમ, સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, ગઈ તા.૨૫/૧૧/૨૦૨૪ ના રોજ સાંજના આશરે ચારેક વાગ્યાના સુમારે મોજે.ડાકોર રાધે હોસ્પીટલની સામે કા.સ.બા તથા અન્ય આરોપીએ આ કામના સાહેદ રણવિરસિંગનાઓ જોરાબંધ મુકામે ભુંડ પકડવા જતા આ કામના કા.સ.બા તથા આરોપી સાથે ભુંડ પકડવા બાબતે બોલાચાલી થતા સાહેદ રણવિરસિંગ તેઓના ઘરે ડાકોર મુકામે આવતા રહેતા તેઓના વચ્ચે થયેલ બોલાચાલીની રીશ રાખી કા.સ.બા આરોપીએ ફરીયાદીના ઘરે આવી ગમે તેમ ગાળો બોલી ફરીયાદી ના સાહેદ રાજેન્દ્રસિંગ કિશનસિંગ સરદારજીને આરોપીએ લોખંડના પાઇપથી શરીરે માર મારી તથા તેઓને છોડાવવા માટે સાહેદ રણવિરસિંગ વચ્ચે પડતા કા.સ.બા એ સાહેદ રણવિરસિંગને ગડદાપાટુનો માર મારી ફરીયાદી સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામા એકબીજાએ મદદગારી કરી મહે.જીલ્લા મેજી.સાહેબ.ખેડા નડીયાદના જાહેરનામા નો ભંગ બી.એન.એસ.એકટ, ૨૦૨૩ ની કલમ-૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુના કરેલ હોવાનો સબળ, સમર્થનકારી, કડીબધ્ધ પુરાવો રજુ રાખી, નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં.૧

નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.ર માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::- હુ ક મ -::**

(૧) આ કામે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને તેઓની સામેના આક્ષેપિત બી.એન.એસ.એકટ, ૨૦૨૩ ની કલમ-૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓમાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ-૨૭૧(૧) હેઠળ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કાયદાની કલમ-૨૪ મુજબ કાયદા સાથે સંઘર્ષમાં આવેલ બાળક કોઈ ગેરલાયકાત ( STIGMA ) ભોગવશે નહી તથા તપાસ કરનાર અમલદારે અપીલ સમય બાદ હાલના બાળકના સંબંધિત રેકર્ડનો નાશ કરવો.

(૩) આ કામના જુવેનાઇલના વાલીના જામીન તથા જાતમુચરકા બી.એન.એસ.એસ.કલમ-૪૮૧ ની જોગવાઇને આધીન રહેશે.

હુકમ આજ રોજ ખુલ્લા બોર્ડમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| **મુ.નડીઆદ.**<br>**તા.૦૬-૦૩-૨૦૨૬** | **(કુ.દર્શના પ્રહલાદભાઇ છાટબાર)**<br>પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ,<br>જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ,નડીઆદ<br>કોડ નં.જી.જે.૦૧૪૨૬ |

**(ડો.ઉપેન્દ્રકુમાર યુ. ઝાલા)**
**સભ્ય,**
**જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ,**
**નડીઆદ.**

**(નલીનીબેન કે.પટેલ)**
**સભ્ય,**
**જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ,**
**નડીઆદ.**

એમ.વી.પાટીલ (ગુજરાતી સ્ટેનો)